(G.P.V.)--1081--1,00,000-6-2008-PA3* Civ.A 42 g.
C.P.C. Schedule I, Appendix G. No. 9.]

# હુકમનામું

અપીલમાં હુકમનામું
(ઓ. ૪૧, કા.૩૫).

(ફોર્મ નં.૯, પુરવણી ગ.
શેડયુલ ૧)

## તાપી જિલ્લાના મહે. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ જજ સાહેબની કોર્ટમાં

દાવો રૂા. મુકામ **વ્યારા.** મધ્યે **આંક–૪૭**

**રેગ્યુલર સિવિલ અપીલ નંબર–૨૭ સને ૨૦૧૮ નો**

**એપેલેન્ટસ :–** મૈ. બાબલીબેન બાબુભાઈ ગામીતના વારસો,

૧. ગમનભાઈ બાબુભાઈ ગામીત, ઉ.વ.આ.૬૦, ધંધો : ખેતી,
રહેવાસી : ઉમરદા, તા.સોનગઢ, જી.તાપી.
૨. મર્હુમ જયકિશનભાઈ બાબુભાઈ ગામીતના કાયદેસરના વારસ,
૨.૧. સેવંતીબેન જયકિશનભાઈ ગામીત, ઉ.વ.આ.૪૬, ધંધો : ખેતી,
૨.૨. અલ્પેશભાઈ જયકિશનભાઈ ગામીત, ઉ.વ.આ.૩૩, ધંધો : ખેતી,
૨.૩. વિપ્લેશભાઈ જયકિશનભાઈ ગામીત,
ઉ.વ.આ.૩૧, ધંધો : ખેતી તથા નોકરી,
૨.૪. ફ્રાન્સીસ જયકિશનભાઈ ગામીત, ઉ.વ.આ.૨૯, ધંધો : ખેતી,
તમામ રહેવાસી : ઉમરદા, દેવળ ફળિયું, સોનગઢ, જી.તાપી.
૩. ભીલકીબેન બાબુભાઈ ગામીત, ઉ.વ.આ.૫૮, ધંધો : ખેતી,
રહેવાસી : મેઢસીંગી, તા.સોનગઢ, જી.તાપી.
૪. અર્જુનભાઈ બાબુભાઈ ગામીત, ઉ.વ.આ.૫૩, ધંધો : ખેતી,
૫. હરીલાલ બાબુભાઈ ગામીત, ઉ.વ.આ.૫૦, ધંધો : ખેતી,
૬. ફતેસીંગભાઈ બાબુભાઈ ગામીત, ઉ.વ.આ.૪૫, ધંધો : ખેતી,
૭. મૈયત સુમનભાઈ બાબુભાઈ ગામીતના વારસ,
૭.૧. શાંતિબેન સુમનભાઈ ગામીત, ઉ.વ.આ.પુખ્તવયના, ધંધો : ખેતી,
તમામ રહેવાસી : ઉમરદા, તા.સોનગઢ ,જી.તાપી.

એપેલેન્ટસ વિ.વ.શ્રી ડી.આર.ઢીમર

વિરૂધ્ધ

**રિસ્પોન્ડન્ટ :–** લક્ષ્મણભાઈ ચેમટીયાભાઈ ગામીત,
ઉ.વ.આ.પુખ્તવયના, ધંધો : ખેતી,
રહેવાસી : ઉમરદા, તા.સોનગઢ, જી.તાપી.

રિસ્પોન્ડન્ટ વિ.વ.શ્રી એ.યુ.શાહ

અપીલ :- સોનગઢની એડિશનલ સિવિલ કોર્ટના રે.દિ.મુ.નં.૩૮/૨૦૧૩ (જુનો નં.૦૪/૨૦૦૧) ના કામે તા.૦૬/૦૭/૨૦૧૮ ના રોજ આપેલ ચૂકાદા તથા હુકમનામા સામે સિવિલ પ્રોસીઝર કોડ કલમ-૯૬ મુજબ અપીલ.

એપેલેન્ટની અપીલની હકીકતો નીચે મુજબ છે.

એપેલેન્ટ મજકુરો/મુળવાદીએ હાલના વાદીએ રિસ્પોન્ડન્ટ/મુળ પ્રતિવાદી સામે મહે.વ્યારાના પ્રિન્સિપાલ સિવિલ જજશ્રીની કોર્ટમાં રે.દિ.મુ.નં.૪/૨૦૦૧ થી મોજે ઉમરદા, તા.સોનગઢ, જી.તાપીના સર્વે નં.૪૧/એ, હે.આરે.૧-૦૮-૦૦, આકાર ૧-૦૦, સર્વે નં.૪૪, હે.આરે.૧-૫૮-૧૬, ૧.૫૬ વાળી ખેતી વિષયક જમીન માટે જાહેરાત તથા કાયમી મનાઈનો દાવો કરેલ હતો. સદર દાવો સોનગઢ કોર્ટ શરૂ થતા વ્યારાથી સોનગઢ ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલ અને નવો નં.૩૮/૨૦૧૩ આપવામાં આવેલ. જે નામંજૂર કરેલ હોય તેની સામે અપીલ દાખલ કરેલ છે. અપીલવાળી જમીનના મુળ માલિક એપેલેન્ટના સગા કાકા મૈ. માંદાભાઈ ભીમસીંગ કરીને હતા, જેઓને સદર જમીન ગણોત કાયદાની કલમ-૪૩ અન્વયે પ્રાપ્ત થયેલ. જેથી સદર જમીન કલેકટરશ્રીની પરવાનગી વિના તેમના વારસો સિવાય અન્ય કોઈ ત્રાહિત વ્યકિતને તબદીલ થઈ શકે નહિ તેવી નવી શરતની બિનતબદીલપાત્ર જમીન હતી. જેથી મૈ. માંદાભાઈ તે સીધીલીટીના વારસોમાં ફકત પત્ની હતી કોઈ સંતાન ન હતા, જયારે તેમના પત્ની તેઓની હયાતીમાં જ અવસાન પામેલ. જેથી તે વખતે તેમના કાયદેસરના વારસમાં એકમાત્ર તેમના સગાભાઈ યાને કે એપેલેન્ટના પિતા બાબુભાઈ ભીમસીંગ હતા, જેમની સાથે તેઓ મૃત્યુ પર્યાન્ત રહેતા આવેલ અને બાબુભાઈના અવસાન બાદ બાબુભાઈના પત્ની તથા સંતાનો હોય એપેલેન્ટો સાથે રહેતા આવેલ. જેઓનું તથા તેમની દાવાવાળી જમીનની દેખભાળ એપેલેન્ટો કરતા આવેલ. જેથી મૈ. માંદાભાઈએ તેમની હયાતીમાં તેમની દાવાવાળી જમીન માટે તા.૨૩/૦૯/૧૯૯૬ ના રોજ એક રજિસ્ટર વીલ કરી તા.૨૪/૦૯/૧૯૯૬ ના રોજ સબ રજિસ્ટ્રારશ્રી, વ્યારાની કચેરીમાં જાતે નોંધાવેલ અને ત્યારબાદ તેઓ તા.૧૮/૦૯/૧૯૯૮ ના રોજ અવસાન પામેલ. જે અગાઉ તેઓ છેલ્લા છ માસથી બીમાર રહેતા હોય એપેલેન્ટોના ઘરે રહી ત્યાં જ અવસાન પામેલ. જે દરમ્યાન તેઓએ અન્ય કોઈ વીલ કરેલ ન હોય કે કરી શકે તેવી શારીરિક માનસિક હાલતમાં ન હતા. આમ છતાં તેમના અવસાન બાદ હાલના રિસ્પોન્ડન્ટ/પ્રતિવાદી કે જેઓ માંદાભાઈના દુરના કે નજીકના વારસ ન હોવા છતાં તેઓએ મૈ. માદાભાઈ તા.૧૮/૦૮/૧૯૯૯ ના રોજ અવસાન પામેલ તેના ફકત ૧૮ દિવસ પહેલાનું કહેવાતું માંદાભાઈના નામનું તા.૩૧/૦૮/૧૯૯૯ ના રોજનું ખોટુ વીલ કે જે અન રજિસ્ટર તથા નોટરી રૂબરૂ નોંધાયેલ વીલ રજુ કરી સદર જમીન પર પોતાનો હક જાહેર કરેલ તેમજ એપેલેન્ટોના નામ વીલના આધારે નોંધ નં.૨૮૨ થી દાખલ થયેલ તે રદ કરાવવા પોતાના નામની નોંધ નં.૨૮૩ દાખલ કરાવેલ હોય તેમજ આધારે એપેલેન્ટો સામે ખોટી તકરાર કરતા હોય એપેલેન્ટોએ હાલનો દાખલ કરેલ. જે દાવો એડી. સિવિલ જજ, સોનગઢનાએ તા.૦૬/૦૭/૨૦૧૮ ના રોજ રદ કરી હુકમનામું દોરેલ હોય તેનાથી નારાજ થઈ હાલની અપીલ દાખલ કરેલ છે.

અપીલના કારણો :-

(૧) સિવિલ કોર્ટનો હુકમ અને હુકમનામું ગેરકાયદેસર હોય રદ થવાને પાત્ર છે. (૨) સિવિલ કોર્ટનો હુકમ અને હુકમનામું ધી ઈન્ડિયન એવીડન્સ એકટ તથા સિવિલ પ્રોસીજર કોડની જોગવાઈ વિરૂધ્ધ હોય રદ થવાને પાત્ર છે. (૩) સિવિલ કોર્ટે એપેલેન્ટની એ દલીલ પણ ધ્યાને લીધેલ નથી કે હાલના એપેલેન્ટોએ જે મિલકત માટે દાવો કરેલ તેમાં મુળ પ્રતિવાદીએ સદર અગત્ની હકીકત છુપાવી સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટ જણાવેલ હોય અને તે હકીકત અંગે ઈસ્યુ ફ્રેમ કરેલ હોવા છતાં વાદીના ઈસ્યુ માટે નકારાત્મક હુકમ રહેલ હોય રદ કરવો જોઈએ.(૪) એપેલેન્ટ તરફે રજુ કરેલ આંક-૬૫, ૭૮, ૮૦, ૮૧ વાળા મૌખિક તથા દસ્તાવેજી પુરાવા કે આંક-૬૯ થી ૮૨ સુધીના રજુ કરેલ પુરાવા ધ્યાને લીધેલ ન હોય તેમજ યોગ્ય અર્થઘટન કરેલ ન હોય રદ થવાપાત્ર છે. કોર્ટે ઘડેલ મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૭/૨ ના કામે સદર જમીનનો કબજો વાદી હસ્તક છે કે કેમ તેના જવાબમાં જમીનનો વાદી પાસે હોવાનું માનેલ હોવા છતાં સદર જમીન વાદીના માલિકીની ન હોવાનું માનવામાં ગંભીર ભુલ કરેલ હોય રદ થવાપાત્ર છે. (૫) સદર જમીન ગણોત કાયદાની કલમ-૪૩ અન્વયે બિનતબદીલીપાત્ર હોય સદર જમીન કાયદેસરના વારસો સિવાય અન્ય કોઈને કોઈ પણ રીતે ટ્રાન્સફર થઈ શકે નહિ અને તે સંજોગોમાં પ્રતિવાદીનું વીલ ગેરકાયદેસરનું હોય રદ થવાપાત્ર છે. (૬) સિવિલ કોર્ટનો હુકમ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો તેમજ એપેન્ટોને નુકસાનકર્તા તેમજ કાયદામાં નલ એન્ડ વોઈડ હોય પ્રથમદર્શે રદ થવાપાત્ર છે.

એપેલેન્ટ દાદ માંગે છે કે,

૧. મહે. સોનગઢના એડી. સિવિલ જજ સાહેબની કોર્ટમાંથી રે.દિ.મુ.નં.૩૮/૨૦૧૩ ના કામનું તમામ રેકર્ડસ તથા પ્રોસીડીંગ્સ મંગાવી હમો એપેલેન્ટ મજકુરોની હાલની અપીલ સાંભળી મંજૂર કરવા તથા મહે. નીચલી કોર્ટે સદર દાવાના કામે આપેલ ચૂકાદો તથા હુકમનામું રદ કરી હમો એપેલેન્ટોનો સદર દાવો તથા દાવાની દાદો મંજૂર કરવા ન્યાયના હિતમાં હુકમ ફરમાવશોજી.

૨. અપીલની એકંદર હકીકતમાં અન્ય તમામ મુનાસીબ દાદો અપાવશોજી.

૩. અપીલનો ખર્ચ રિસ્પોન્ડન્ટ મજકુર પાસેથી અપાવશોજી.

---------------------------------------------x---------------------------------------------

તારીખ ૦૩ જી ઓકટોબર સને ૨૦૨૩ ના રોજ એપેલેન્ટસ તરફથી વિ.વ.શ્રી ડી.આર.ઢીમર તથા રિસ્પોન્ડન્ટ તરફથી વિ.વ.શ્રી એ.યુ.શાહની હાજરીમાં તાપી જિલ્લાના મહે. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ જજશ્રી એન.બી.પીઠવા સાહેબની રૂબરૂમાં સુનાવણી માટે નીકળતા આંક–૪૫ થી એવો હુકમ કરવામાં આવે છે કે :–

**–:: O R D E R ::–**

1. The present appeal is hereby Dismissed.
2. The Judgment and Preliminary Decree passed by the Ld.Trial Judge in Regular Civil Suit No.38/2013 dated 06/07/2018 is hereby confirmed and upheld.
3. Parties to bear their own cost.
4. Decree to be drawn accordingly.
5. Writ of this Judgment along with the original record and proceedings, be sent to the concerned Trial Court.

×

નીચેની વિગત પ્રમાણે આ અપીલની ખરચની રકમ રૂા. -- થાય છે.

તે -- એ આપવાના છે.

અવલ ફરિયાદનું ખરચ -- એ આપવાનું છે.

## અપીલનું ખરચ

| એપેલન્ટસ | રકમ<br>રૂા. પૈ. | રિસ્પોન્ડન્ટસ | રકમ<br>રૂા. પૈ. |
|---|---|---|---|
| ૧. અપીલની યાદી માટે સ્ટાંપ | ૦૫-૦૦ | ૧. મુખત્યારનામાનો સ્ટાંપ | ૦૬-૦૦ |
| ૨. મુખત્યારનામાને માટે સ્ટાંપ | ૦૮-૦૦ | ૨. અરજીનો સ્ટાંપ | ૦૦-૦૦ |
| ૩. દાખલ કીધેલા કાગળો પર સ્ટાંપ | ૮૮-૦૦ | ૩. દાખલ કીધેલા કાગળો પર સ્ટાંપ | ૩૬-૦૦ |
| ૪. પ્રોસેસો પહોંચાડવાના | ૦૦-૦૦ | ૪. પ્રોસેસો પહોંચાડવાના | ૦૦-૦૦ |
| ૫. વકીલની ફી રૂા. ઉપર | ૨૦૦-૦૦ | ૫. વકીલની ફી રૂા. ઉપર | ૨૦૦-૦૦ |
| ૬. નકલ કરવાની ફી | ૦૦-૦૦ | ૬. નકલ કરવાની ફી | ૦૦-૦૦ |
| ૭. ઉલટ હરકતો પર વકીલની ફી | ૦૦-૦૦ | ૭. ઉલટ હરકતો પર વકીલની ફી | ૦૦-૦૦ |
| એકંદર ... | ૩૦૧-૦૦ | એકંદર ... | ૨૪૨-૦૦ |

આજ તારીખ ૦૯ મી માહે ઓકટોબર સને ૨૦૨૩ ના રોજ
મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

તપાસી જોયું, બરાબર છે.

બેન્ચ કલાર્ક, ગ્રેડ-૧ સિનિયર કલાર્ક
ડિસ્ટ્રિકટ કોર્ટ, તાપી, મુ.વ્યારા.

પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ જજ,
તાપી મુ.વ્યારા.

એપેલેન્ટસ વકીલશ્રી ડી.આર.ઢીમર ....................

રિસ્પોન્ડન્ટ વકીલશ્રી એ.યુ.શાહ ....................

[આ મુકદમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ રજુ કરેલા દસ્તાવેજો માંહેથી અપીલનો નિકાલ થયા પછી કોઈપણ દસ્તાવેજ લઈ જવામાં નહી આવે, તો તે (દસ્તાવેજ) નાશ કરવાને પાત્ર થશે.]